અરવલ્લી જિલ્લામાં કેનાલ સફાઈ કામગીરી કાગળ બીલો ઉધારી ભ્રષ્ટાચાર

સફાઈના અભાવે ગાબડાં પડતા પાણીનો વ્યય

મોડાસા, તા. ૧૨

મોડાસાના ટીંટોઈ ગામમાં મેશ્વો જલાગર યોજના અંતર્ગત બનેલ કેનાલમાં આશરે દોઢ વર્ષ પહેલાં સમારકામ કરવામાં આવ્યું હતું. સમારકારમાં પોલંપોલ ચાલાવવામાં આવી હોવાથી કેનાલમાં ગાબડાં પડતા પિયત માટે છોડવામાં આવતું પાણીનો વ્યય થતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

તસવીર : મેહુલ જોષી

ટીંટોઈથી મઠ ગામ સુધીના ૪ કિલોમીટરના અંતરમાં ઠેર ઠેર ગાબડા પડ્યા છે. સમારકામમા ભ્રષ્ટાચાર થયો હોવાના કારણે જ્યારે પણ પાણી છોડાય છે, ત્યારે ગાબડા પડે છે અને તેના પર કોઈ નક્કર કામ કરવામાં આવતુ નથી. ફક્ત ઉપરછલ્લુ કામ કરવામા આવે છે, અને કેનાલમાં પડેલ ગાબડાઓના કારણે પાણીનો વેડફાટ પણ થાય છે તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે. આ અંગે ટીંટોઈ ગ્રામ પંચાયત સદસ્ય યુનુસભાઈ કાંકરોલીયાએ જણાવ્યુ હતુ કે બે વર્ષ પહેલા આ કેનાલનું સમારકામ કરવામાં આવ્યુ હતુ પરંતુ કામગીરીમાં લોલમલોલ હોવાથી ઠેર ઠેર ગાબડા પડી ગયા છે.

દર ખરીફ સીઝન પહેલા નિયમ પ્રમાણે કેનાલની આજુબાજુનો ૩૦થી ૪૦ ફૂટનો વિસ્તાર સાફ કરાવાનો હોય છે. આ સફાઈ કામ સરકારી ચોપડામાં ફક્ત બિલો પાસ કરવા ખાતર બતાવામાં આવે છે. જ્યારે કેનાલની અંદર કોઈ સાફ સફાઇ કરવામાં આવતી નથી. આ સમગ્ર કૌભાંડની જિલ્લા કલેકટર દ્વારા તેમજ ઉચ્ચ સ્તરીય તપાસ થાય તેવું ટીંટોઈ ગામના રહીશો તેમજ જાગ્રુત નાગરિકો ઈચ્છી રહ્યા છે.

ટીંટોઈ ગ્રામ પંચાયત સદસ્ય પરેશભાઈ એ જણાવ્યું હતું કે આ કેનાલમાં ક્યારે પણ બરાબર સફાઈ કરવામાં આવતી નથી. નામ ખાતર સફાઈ કરી કામ બંધ કરી દેવામાં આવે છે. મેશ્વો જલાગર યોજના અંતર્ગત બનેલ કેનાલથી અરવલ્લી જિલ્લાના ગામડાઓના ખેડૂતોને પાણીનો લાભ મળે છે. ખરીફ પાક માટે સમગ્ર સિઝન દરમિયાન દર માસના ૨૦ થી ૨૫ દિવસ એવી રીતે ૪ માસ સુધી ૪ વખત મેશ્વો ડેમમાંથી પાણી છોડવામાં આવે છે. આ કેનાલનો કમાંડ એરિયા ૬૦,૦૦૦ હેકટર જમીન છે. વર્ષો પહેલા આ કેનાલનું નિર્માણ કરવામા આવ્યું હતું પરંતુ જવાબદાર તંત્રની બેદરકારીના ભોગે ખેડૂતોને નુકસાની સહન કરવી પડે છે.

તસવીર : રમેશ વૈષ્ણવ

ખેડબ્રહ્મા તાલુકાના ઊંચીધનાલમાં ઝોખમી પાણીની ટાંકી

જે ટાંકી સાફ કર્યે વર્ષો વિત્યા છે, આ છે સ્વચ્છ ભારતનુ ઉદાહરણ

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધાનલ ગામે સને ૧૯૭૫મા ગ્રામજનોની પાણીની સુવિધા માટે ગામ વચ્ચે પાણીની ટાંકી બનવવામાં આવી હતી. ૧૯૮૦ બાદ કોઈ સાફ સફાઈ કરવામાં આવી નથી. જે ટાંકી પર પીપળાનું મોટુ ઝાડ ઊગી નીકળ્યું છે અને પાણીની ટાંકીની આજુબાજુ મકાનો આવેલા છે. આ ટાંકી હાલ જર્જરિત હોઈ ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આ પાણીની ટાંકીને પગથિયાં ન હોઈ ઉપર જવાની કોઈ વ્યવસ્થા નથી અને બન્યા બાદ આજદિન સુધી કોઈ સફાઈ કર્યા વગર જ પાણી ગામ લોકોને પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

મોડાસાની ઋષિકેશ સોસાયટીમાં હાઈ વોલ્ટેજથી

લાખ્ખો રૂપિયાના વીજ ઉપકરણો બળી જતા રહીશોમાં રોષ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વીજતંત્રની બેદરકારીના પગલે હાઈવોલ્ટેજની સમસ્યા નગરજનો માટે માટે માથાના દુખાવા સમાન બની રહી છે. યોગ્ય મેન્ટેનન્સના અભાવે વારંવાર વીજપુરવઠો ખોરવાતો હોય છે. ઋષિકેશ સોસાયટીમાં સવારના સુમારે વીજપ્રવાહમાં અચાનક તીવ્ર વધારો થતા ઘરમાં રહેલા વીજ ઉપકરણો ધડાકા સાથે બળીને ખાખ થતા લાખ્ખો રૂપિયાનું નુકસાન વીજતંત્રના ભોગે સહન કરવાનો વારો આવતો લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

મોડાસાના માલપુર રોડ પર આવેલી ઋષિકેશ સોસાયટીમાં બુધવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે ઘરોમાં ચાલુ

હાલતમાં રહેલા ટીવી, ફ્રિજ, ટ્યૂબલાઈટ,બલ્બ અને પાણીની મોટરો હાઈવોલ્ટેજ વધી જતા વીજ ઉપકરણોમાંથી ધડાકા સાથે ધુમાડા નીકળતા મહિલાઓમાં ભારે અફડાતફડી મચી હતી. મહિલાઓ ઉપકરણ બળવાની તીવ્ર દુર્ગંધથી ઘરની બહાર દોડી આવી હતી. વીજપુરવઠો ખોરવાતા મોડાસા વીજકચેરીમાં જાણ કરતા હેલ્પર મોકલી આપી વીજ ડીપીમાં સમારકામ હાથ ધરી વીજ પુરવઠો નિયત્રિંત કરી પૂર્વરત કર્યો હતો. વીજ કર્મચારીઓના જણાવ્યા અનુસાર વીજડીપીમાં ન્યુટ્રલ ફેજમાં ખામી સર્જાતા હાઈ વોલ્ટેજની સમસ્યા ઉભી થઈ હતી. સોસાયટીના રહીશોએ વીજતંત્રની ભૂલના લીધે વીજઉપકરણો બળી જતા સર્વે કરી રહીશોને નુકસાન પેટે વળતર એવું જોઈએની માંગ કરી હતી.

સાબરકાંઠા-અરવલ્લીમાં નવા ૧૭૪ પેટ્રોલપંપ બનશે

બંને જિલ્લામાં વાહનોની સંખ્યામાં થઈ રહેલો ધરખમ વધારો પ્રદૂષણ મુક્ત વાહનો ખરીદવા પર પ્રજાનો ઝોક

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષથી લોકોની આર્થિક સ્થિતિમાં આવેલ પરીવર્તનને કારણે અનેક લોકો પાસે આજે નાના અથવા તો મોટા વાહનોની સગવડ ઉપલબ્ધ બની છે. જેને લઈને બંને જિલ્લામાં આવેલા અંદાજે ૧૦૦થી વધુ પેટ્રોલપંપો અને ગેસ સ્ટેશનો પર રોજબરોજ વાહનોની લાંબી કતારો જોવા મળે છે. જેને લઈને ઈંધણ પુરૂ પાડતી કેન્દ્ર સરકારની તમામ કંપનીઓ દ્વારા રાજ્યમાં પેટ્રોલપંપો ઉભા કરવાની કાર્યવાહી તેજ ગતિથી ચાલી રહી છે ત્યારે આગામી દિવસોમાં સાબરકાંઠા અને અરવલ્લીમાં અંદાજે ૧૭૪ નવા પેટ્રોલપંપો શરૂ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા-અરવલ્લીમાં અત્યારે ૩ લાખથી વધુ નાના અને મોટા વાહનો આરટીઓના ચોપડે નોંધાયેલા છે. તો બીજી તરફ દર વર્ષે ૧૦ ટકાથી વધુ નવા વાહનો લોકો ખરીદી રહ્યા છે. જેની સાથે બંને જિલ્લામાં વાહનોમાં પેટ્રોલ, ડિઝલ તથા સીએનજી અને એલપીજી ગેસ સ્ટેશનો ખુબજ ઓછા છે. જેને લઈને હાઈવે નજીક તથા તાલુકા અને જિલ્લા મથકે આવેલા ખાનગી અને ઓઈલ કંપનીઓ સંચાલિત પેટ્રોલપંપો પર સતત લાઈનો જોવા મળે છે. જેને લઈને લોકોનો સમય ખુબજ વેડફાય છે.

બીજી તરફ આ સમસ્યાના નિરાકરણ માટે કેન્દ્ર સરકારના પેટ્રોલીયમ વિભાગ દ્વારા નવા પેટ્રોલપંપો ઉભા કરવા માટેની પોલીસીમાં ધરખમ ફેરફાર કરાયો છે અને તે માટે કંપનીઓના અધિકારીઓને કામે લગાડી દેવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કેટલાંક સ્થળોનો સર્વે પણ કરી દેવામાં આવ્યો છે. અને તેને આખરી ઓપ આપીને સ્થળ પણ નક્કી કરવાની કામગીરી અંતિમ તબક્કામાં આવી ગઈ છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલીયમ વિભાગ દ્વારા પેટ્રોલપંપો શરૂ કરવા માટે ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરી દેવામાં આવ્યું છે. જેથી આગામી સમયમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વાહનચાલકોને નજીકના સ્થળે વાહનોમાં ઈંધણ પુરાવવાની સગવડ ઉપલબ્ધ થશે. તથા ગેસ સંચાલિત વાહનોમાં પણ ગેસ પુરાવવા માટે વધુ ગેસ સ્ટેશનો ઉભા કરવા અંગે તંત્રએ કટિબદ્ધતા બતાવી દીધી છે. દરમ્યાન સરકાર દ્વારા ૧૦ વર્ષથી જુના વાહનો ચલાવવા તથા ખરીદવા અને વેચવા પર પ્રતિબંધ મુકવાની દિશામાં વિચારી લીધુ છે.

હિંમતનગરના બહુમાળી ભવનમાં લીફટ ન હોવાથી પ્રજાને પરેશાની

વૃદ્ધો, અપંગ અને અશક્ત માણસોને દાદરા ચઢવામાં મુશ્કેલી પડે છે

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પાટનગર એવા હિંમતનગરમાં ન્યાયમંદિર વિસ્તારમાં આવેલ આલીશાન ગણાતા ચાર માળના બહુમાળી ભવનમાં નીચેથી ઉપર જવા માટે લીફટની સગવડ ન હોવાને કારણે બિચારા અપંગો તથા વૃદ્ધોને ખુબજ તકલીફ પડી રહી છે જેથી વહીવટીતંત્રએ તેનો વિકલ્પ શોધી કાઢવો જોઈએ.

આ અંગેની વિગત એવી છે કે જિલ્લાના પાટનગર એવા હિંમતનગરમાં આવેલ બહુમાળી ભવનમાં અનેક વિભાગોની કચેરીઓ આવેલી છે જ્યાં શહેરો અને ગામડાઓમાંથી લોકો સરકારી કામ અર્થે રોજબરોજ આવે છે. ઘણી વખત અહી કામ અર્થે આવતા અરજદારો પૈકી કેટલાંક વૃદ્ધ, અપંગ તથા અશક્ત હોય છે તેમણે જ્યારે બહુમાળી ભવનમાં બીજા અથવા ત્રીજા માળે આવેલ કોઈ કચેરીમાં કામ માટે જવુ પડે છે ત્યારે લીફટ ન હોવાને કારણે ન છુટકે ત્રણ માળના પગથિયા ચઢવા પડે છે.

તો બીજી તરફ અધિકારી કે કર્મચારી હાજર ન હોય તો આવા લોકોને નાહકનો ધક્કો ખાવો પડે છે. તથા ફરીથી જ્યારે આવવાનું થાય ત્યારે આવા લોકોને નાહકની પરેશાની વેઠીને દાદરા ચઢવા પડે છે. જેથી બહુમાળી ભવનમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓએ પ્રજાનો વિચાર કરીને અથવા તો માનવતા ખાતર લીફટની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે ભુતકાળમાં અવારનવાર બહુમાળી ભવનમાં કામ અર્થે આવતા અનેક વિકલાંગોએ લીફટની વ્યવસ્થા માટે કલેકટરને રજુઆત પણ કરી હતી. તેમ છતાં આ ઉચ્ચ અધિકારીઓને પ્રજાની કઈ પડી ના હોય તેમ હાલના તબક્કે જણાઈ રહ્યું છે.

મોડાસાના સબલપુર તા.પંચાયતના પૂર્વ સદસ્યએ ત્રણ રાજ્યોમાં બીજેપીની હાર થતા મુંડન કારવ્યું

ભાજપના ગઢ ગણાતા અને હિન્દુ રાજ્ય મધ્યપ્રદેશ, રાજેસ્થાન અને છત્તીસગઢમાં ભાજપની હાર થતા અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સબલપુર તાલુકા પંચાયતની સીટના ભાજપના પૂર્વ સદસ્ય અશોકસિંહ સોલંકીએ હાર સહન ન થતા મુંડન કરાવી શોકની લાગણી પ્રદર્શિત કરતા લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું.

કંપની સમાચાર

ડાબરે બે નવી પ્રોડક્ટ્સ લોન્ચ કરીને આયુર્વેદિક મેડિસિન્સનો પોર્ટફોલિયો વિસ્તાર્યો

આધુનિક સમયના વપરાશકારોમાં આયુર્વેદને લોકપ્રિય બનાવવાના ધ્યેયના ભાગરૂપે વિશ્વની સૌથી મોટી વિજ્ઞાન આધારિત આયુર્વેદ કંપની ડાબર ઈન્ડિયા લિમિટેડ બે ક્રાંતિકારી આયુર્વેદિક પ્રોડક્ટસના લોન્ચની જાહેરાત કરી હતી. અમદાવાદમાં વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ એન્ડ આરોગ્ય એક્સ્પોની પૂર્વસંધ્યાએ કંપનીએ તંદુરસ્તીની પુનઃસ્થાપના કરતું રત્નપ્રાશ અને હૃદયની કાર્યક્ષમતા વધારતી હૃદયાસવ લોન્ચ કર્યુ હતુ.

રત્નપ્રાશ એક આયુર્વેદિક મિશ્રણ છે જે સામાન્ય તંદુરસ્તી જાળવવા માટે ઉપયોગી છે અને શક્તિ, જોમ અને ઉત્સાહ પણ વધારે છે. સાચા મોતીના પોષકતત્વોથી ભરેલુ રત્નપ્રાશ તમને આખો દિવસ સક્રિય રાખે છે. આ આખુ વર્ષ કોઈપણ સિઝનમાં ઉપયોગમાં લઈ શકાય તેવું પ્રાશ છે કારણ કે તે તંદુરસ્તીને પુનઃસ્થાપિત કરનારૂ છે અને શારીરિક જોમ તથા શક્તિને વધારવામાં મદદ કરે છે. પાચનશક્તિની પ્રક્રિયાને ઠંડી પાડે છે.

જે હૃદય માટે ખૂબ ફાયદાકારક છે, શ્રેષ્ઠ રસાયણ પણ છે. તે અર્જુન, અશ્વગંધા, ગિલોય, પુષ્કરમૂલ અને શંખપુષ્પી જેવા આયુર્વેદિક તત્વોથી ભરપૂર છે. આ તત્વો હૃદયા (હૃદય માટે લાભકારી), બાલ્ય (શારીરિક મજબૂતાઈ અને શક્તિ વધારે) અને રસાયણ (શરીરને ચેતનવંતુ રાખનારૂ તત્વ)ના ગુણો ધરાવે છે.

ગિફ્ટસીટી અને બ્લૂમબર્ગે ભારતના આંતરાષ્ટ્રીય ફાયનાન્સિયલ સેન્ટરને વૈશ્વિક રોકાણકારો માટે સાનુકૂળ બનાવવા જોડાણ કર્યુ

ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી)ને વૈશ્વિક રોકાણકારો માટે સાનુકૂળ બનાવવા માટે આજે યોજાયેલા એક સમારંભમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટી(ગિફ્ટસિટી) તથા બ્લૂમબર્ગ સંયુક્ત પ્રયાસો હાથ ધરવાની જાહેરાત કરી હતી.

ગિફ્ટ આઈએફએસસીને તેના મૂડી બજારના કારોબારમાં સહાય કરવા માટે ચાલુ મહિનેથી બ્લૂમબર્ગ તેને મદદ અને પોતાની વૈશ્વિક કુશળતાનો લાભ ઉપલબ્ધ બનાવશે. જેમાં ગિફ્ટ આઈએફએસસી માટે સાનુકૂળ નિયમનકારી માળખાનું નિર્માણ, પ્રોડક્ટ ડેવલપમેન્ટમાં મદદ, માર્કેટ એક્સેસ અને કનેક્ટિવિટીમાં સહાય તથા યોગ્ય મની મેનેજર્સ તથા આંતરરાષ્ટ્રીય રોકાણકારો સુધી પહોંચ વિસ્તારવા માટે વૈશ્વિક માર્કેટિંગ પહેલ વગેરેને આવરી લેવાશે.

આ પ્રસંગે ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ અજય પાંડેએ જણાવ્યું હતું કે વૈશ્વિક મની મેનેજર્સના ભારતમાં રોકાણની તકો અંગે વધી રહેલા રસને કારણે ગિફ્ટ સિટી આઈએફએસસી ભારતમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓમાં રોકાણ માટેનું નવું દ્વાર બની રહ્યું છે. બ્લૂમબર્ગ જેવી વૈશ્વિક ડેટા અને ટેક્નોલોજી કંપની ગિફ્ટ સિટી આઈએફએસસીમાં વૈશ્વિક કક્ષાની વિચારશૈલી તથા સર્વોત્તમ કાર્યપદ્ધતિ લાવશે જેનાથી અમે વૈશ્વિક રોકાણકારો માટે સાનુકૂળ એવુ નિયમનકારી માળખું અને બજારનો માહોલ તૈયાર કરી શકીશું જે અમારા માટે અત્યંત આનંદની બાબત છે.

૨૦૧૫માં શરૂ થયેલ ગિફ્ટ સિટી એ ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે. અમદાવાદ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ તરીકે ૧૨ અબજ ડોલરના સ્માર્ટ સિટી તથા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને વિકસાવવામાં આવ્યાં છે. હાલમાં ગિફ્ટ સિટીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, એચડીએફસી બેન્ક, જીઆઈસી આરઈ તથા કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓ સહિત આશરે ૨૦૦થી વધુ કંપનીઓ સક્રિય છે, જેમાં ૮,૫૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે.

'હેલ્ધી ચાઈલ્ડ, હેપી ફેમિલી, હાર્મનીયસ નેશન'ના થીમ પર ગુજરાતના બાળકોને વધુ હેલ્ધી અને ફિટ રાખવા પ્રયાસ

ઈન્ડિયન એકેડમી ઓફ પિડિયાટ્રીક્સએ ભારતમાંના ૨૪૦૦૦થી વધુ બાળ રોગ નિષ્ણાતની સંસ્થા છે. એકેડમી ઓફ પીડિયાટ્રીક્સ, ગુજરાત એ ગુજરાતના ૧૫૦૦ પીડિયાટ્રિશિયન્સની રાજ્ય કક્ષાની શાખા છે. આજે અમે 'હેલ્ધી ચાઈલ્ડ, હેપી ફેમિલી, હાર્મનિયસ નેશન'ના થીમ પર વર્ષ ૨૦૧૮ના હાલના રિસર્ચ અને ડેવલપમેન્ટ અંગેનો રિપોર્ટ ગર્વભેર રજૂ કરી રહ્યા છીએ, જેમાં અમે બાળકોના આરોગ્ય, ચાઈલ્ડ એડવોકસી અને અવેરનેસ ક્રિએશન પર કામ કર્યુ છે. ડૉ. નિશ્ચલ ભટ્ટ (પ્રમુખ, એઓપી ગુજરાત),ડો. કિરણ શાહ (સચિવ, એઓપી ગુજરાત), ડો. ભારત પ્રજાપતિ (ટ્રેઝરર, એઓપી ગુજરાત), ડૉ. મનિષ મહેતા (પ્રમુખ, એઓપી અમદાવાદ), ડૉ. દીપેશ પૂજારા (સચિવ, એઓપી અમદાવાદ) અને ડૉ. અભય શાહ (ઈબી આઈએપી માટે) ગુજરાત તરફથી જાહેરાત પર હાજર હતા.

ગુજરાતમાં બાળકોનાં આરોગ્ય સંભાળ અને પ્રિવેન્શન અંગેની સ્થિતિ વિશે વાત કરતા ડો. નિશ્ચલ ભટ્ટ (પ્રેસિડન્ટ, એઓપી ગુજરાત)એ કહ્યું હતું, 'અમે આ વર્ષે 'હેલ્ધી ચાઈલ્ડ, હેપી ફેમીલી, હાર્મનિયસ નેશન' થીમ પર ગુજરાતમાં કામ શરૂ કર્યુ હતું અને આ થીમ અંતર્ગત અમે અનેક કાર્યક્રમો જેમકે 'સક્ષમ'-કાઉન્સેલર્સ મોડ્યુલ, 'ઈન્ટેક્ટ' -નવજાત શિશુનું અખંડ અસ્તિત્વ, 'પરવાહ' (પ્રિવેન્શન એન્ડ રિસ્પોન્સ ટુ વાયોલન્સ, અબ્યુઝ એન્ડ એચઆઈવી ઈન ચિલ્ડ્રન) યોજ્યા હતા, જેનું આયોજન એઓપી ગુજરાત, યુનિસેફ, ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા થયું હતું, એ ઉપરાંત ઈમ્પેક્ટ-ઈમ્યુનાઈઝેશન પ્રેક્ટિસીસ ટુ અચિવ કવરેજ ટારગેટ્સનું, ઓરી-અછબડા નાબૂદી અને રૂબેલાને અંકુશમાં લેવા માટેનું એમઆર કેમ્પેન ગુજરાત સરકારની મદદથી કરવામાં આવ્યું હતું, નેશનલ કોન્ફરન્સ ઓફ પીડિયાટ્રિક ઈન્ફેક્શિયસ ડિસિસ (એનસીપીઆઈડી ૨૦૧૮), ગ્રોથ ડેવલપમેન્ટ એન્ડ બિહેવિયર પીડિયાટ્રીક્સ નેશનલ કોન્ફરન્સ (જીડીબીપીકોન ૨૦૧૮) સાથે મળીને આયોજન કર્યુ હતું. આ તમામ કાર્યક્રમો અંતર્ગત અમે ૫૦૦થી વધુ પીડિયાટ્રિશન, ૧૫૦૦ પેરામેડિક સ્ટાફને તાલીમ આપી હતી અને પરોક્ષ રીતે અમે ગુજરાતમાં ૬૦૦૦૦થી વધુ વાલીઓ સુધી પહોંચ્યા છીએ.

મૂલ્યો જાળવીશું

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્તિકાંત દાસે એક ટ્વિટ કરી કહ્યું કે 'ભારતીય રિઝર્વ બેંકના ગર્વનરની જવાબદારી સંભાળી, તમારી શુભેચ્છાઓ માટે ધન્યવાદ.' નાણામંત્રી અરૂણ જેટલીએ શક્તિકાંત દાસને આરબીઆઈના ટોચના પદ માટે 'યોગ્ય સાખ'વાળા વ્યક્તિ ગણાવ્યા.

પૂર્વ નાણા સચિવ અને નાણા પંચના સભ્ય શશિકાંત પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીના એકદમ વિશ્વાસપાત્ર છે. કેંદ્રીય આર્થિક બાબતોના સચિવના રૂપમાં શશિકાંત દાસ દેશના સૌથી શક્તિશાળી લોકોમાંના એક ગણવામાં આવે છે. જોકે તેમના કામથી પ્રભાવિત થઈને મોદી સરકારે નોટબંધી બાદ આર્થિક મામલાના સચિવ પદનો કાર્યકાળ ત્રણ મહિના માટે વધારી દીધો હતો. તે માર્ચ ૨૦૧૭માં નિવૃત થવાના હતા. તેમનો કાર્યકાળ ૩૧ મે ૨૦૧૭ સુધી વધારી દેવામાં આવ્યો હતો. દાસના એક વરિષ્ઠ અને અનુભવી નોકરશાહ રહ્યા છે. તેમનો સમગ્ર જીવન લગભગ દેશના આર્થિક અને નાણાકીય મેનેજમેંટમાં પસાર થયું છે. ભલે તે ભારત સરકારના નાણા મંત્રાલયમાં કાર્યરત રહ્યા હોય અથવા તમિલનાડુમાં રાજ્ય સરકારની સાથે કામ કર્યું હોય.

કમલનાથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી છે. મધ્ય પ્રદેશ વિધાનસભામાં ૨૩૦ બેઠક છે. આથી બહુમતિ માટે ૧૧૬ બેઠક જરૂરી છે. કોંગ્રેસને બહુમતિ કરતા બે બેઠક ઓછી મળી છે. જોકે, બસપા અને સપાને સમર્થન જાહેર કરીને કોંગ્રેસની ચિંતા ઓછી કરી નાખી છે.

ભોપાલમાં કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ચહેરા મુદ્દે રાજનીતિ ગરમાઈ રહી છે. કમલનાથ અને જ્યોતિરાદિત્યનાં સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અગાઉ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસનાં દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહે પણ કમલનાથ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ એવી ચર્ચાઓ ચાલુ થઈ ગઈ છે કે દિગ્વિજયે કમલનાથનાં નામે એક પ્રકારે સમર્થન આપ્યું છે.

ભૂમિકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાગ ભજવ્યો છે. ગુજરાતમાં ગત વિધાનસભામાં કોંગ્રેસ સત્તા પર તો નહોતી આવી, પરંતુ તે ફરી ઉભી થઈ હતી. તો હવે રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપને ખરાબ દિવસો શરૂ થઈ ગયા છે. મધ્યપ્રદેશમાં દિપક બાબરિયાએ મધ્યપ્રદેશનાં પ્રભારી તરીકેની જવાબદારી સંભાળી હતી. આ ઉપરાંત મધ્યપ્રદેશમાં સ્ક્રિનિંગ કમિટીનાં ચેરમેન તરીકે મધુસુદન મિસ્ત્રીની નિયુક્તિ કરવામાં આવી હતી.

રાજસ્થાનમાં માઈનોરિટી સેલનાં ચેરમેન તરીકે ગુજરાતનાં બદરુદ્દીન શેખને જવાબદારી સોંપવામાં આવી હતી. કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા અહેમદ પટેલને પાંચેય રાજ્યની ચૂંટણીનાં સંચાલનની જવાબદારી સોંપવામાં આવી હતી. કોંગ્રેસની જીતમાં મતદાતાઓનો ભલે અહમ રોલ હોય, પરંતુ કોંગ્રેસનાં આ ગુજરાતી નેતાઓએ પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. આવનારી લોકસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસ માટે આ ગુજરાતી નેતાઓ મહત્વનો ભાગ ભજવશે.

આજે નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

પસંદગી એકબાજુ મધ્યપ્રદેશ માટે કરી લેવાઈ છે પરંતુ રાજસ્થાનમાં પાયલોટ અને ગહેલોત વચ્ચે સહમતિ દેખાઈ રહી નથી જેથી હવે આવતીકાલ સુધી નિર્ણય ટળી ગયો છે. સરકાર બનાવવાનો દાવો કરી દેવામાં આવ્યો હોવા છતાં મુખ્યમંત્રી પદ અંગે નિર્ણય ટાળી દેવામાં આવ્યો છે. અગાઉ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તિસગઢમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા સરકાર રચવા માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી હતી. જો કે, મોડી રાત સુધી કોઈ નિર્ણય કરી શકાયા ન હતા. સત્તાવાર જાહેરાત મોડે સુધી થઈ શકી ન હતી. બેઠકોનો દોર જારી રહ્યો હતો. સરકાર રચવાની કવાયત સવારે જ શરૂ થઈ ગઈ હતી પરંતુ મુખ્યમંત્રી પદને લઈને કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી ન હતી. આજે બુધવારે બેઠકોનો દોર ત્રણેય રાજ્યોમાં જારી રહ્યો હતો. બીજી બાજુ ત્રણેય રાજ્યોમાં ભાજપના મુખ્યપ્રધાન દ્વારા રાજીનામા આપી દેવામાં આવ્યા હતા. આજે શિવરાજ સિંહ ચોહાણે મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન તરીકે રાજીનામુ આપી દીધુ હતુ. આની સાથે સાથે શિવરાજે જાહેરાત પણ કરી હતી કે તેઓ રાજ્યમાં સરકાર રચવા માટેનો દાવો કરશે નહીં. શિવરાજ સિંહે કહ્યુ હતુ કે તેઓ કમલનાથને શુભેચ્છા આપે છે. તેમની સાથે સહકાર સાથે કામ કરવા માટે પણ તૈયાર છે.

3ડી પ્રિન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહેણી - કરણી, ખાન- પાન, શિક્ષા પધ્ધતિ વગેરેનો પ્રચાર - પ્રસાર વિશ્વમાં કરી શકાય.

વિદેશી આક્રમણોના સમયે વિરોધાભાસની વચ્ચે કેટલાક લોકોએ આ ભારતીય પરંપરા ને જાળવી રાખી છે. આજે સમય આવ્યો છે કે આ ભારતીય પદ્ધતિની ચર્ચા કરીએ અને વિશ્વમાં તેનો પ્રચાર-પ્રસાર કરીએ. આ દિશામાં કાર્યરત સંસ્થા શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ સાથે હાથ માં હાથ મિલાવીને ટીચર યુનીવર્સીટી દ્વારા તાઃ ૧૫ અને ૧૬ ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાન બે દિવસીય કાર્યક્રમ 'જ્ઞાનોત્સવ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ વિશે વધુ માહિતિ આપતા કાર્યક્રમના સંયોજક શ્રી હરેશભાઈ બારોટે જણાવ્યુ હતુ કે આ કાર્યક્રમને સફળ બનાવવા હેતુ સમગ્ર ગુજરાતમાંથી આશરે ૮૦ જેટલી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ભાગ લેનાર છે. જેઓએ શિક્ષણ પધ્ધતિને બદલવા માટે નવતર પ્રયોગો કરીને આગવી ઓળખ ઉભી કરી છે. બે દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં રાજ્યભરની સંસ્થાઓ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના આશરે ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય લોકો મુલાકાત લેનાર છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ન્યાસના રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલ કોઠારીએ શુભેચ્છાઓ પાઠવી છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના માનનીય સહસરકાર્યવાહ શ્રી મનમોહનજી વૈદ્ય આશીર્વચન આપવા ઉપસ્થિત રહેવાના છે.

લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલું

મરણનું કારણ થયો છે તેને દુર્ભાગી અકસ્માતથી અવશ્ય હાનિ થશે એવી મારી ખાતરી હોવાથી હું તેને તેના જીવન પર્યંત બસો ડ્યુકેટનું વર્ષાસન બાંધી આપતી જાઉં છું અને તેની ભુલને માટે તેને અંતઃકરણપૂર્વક ક્ષમા કરું છું. મારી શોચનીય આપત્તિથી તેની જે અપકીર્તિ થશે તેનો બદલો સાથી વળી રહી એવી મારી ઈચ્છા છે.'

તબીબ સાક્ષાત્ પરમાત્મા સ્વરુપ જ છે, તેના સ્પર્શે દર્દી નવજીવન પામી શકે છે, અને નાની અમથી ભૂલ જીવન હણી શકે છે. નાણાંની સાથે દર્દીની દુઆઓ પણ લણી શકાય....

દોસ્તો, સમાજમાં એવા પણ દાકતરો છે કે જેઓ જૈફવયે પણ ગરીબોની સેવામાં ગળાડૂબ છે. પૈસાદાર નથી. તબીયતના પણ પ્રશ્નો હશે પણ તેમને મન જિંદગીનો મર્મ દુઃખી મનુષ્